## ૮. અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપમાં ફ્રી શીપ કાર્ડ આપવા અંગે.

ભારત સરકારના સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૧-૧૨-૨૦૧૦ના પત્ર ક્રમાંક:૧૧૦૧૭/૦૧/૨૦૦૮/એસસીડી/૫માં જણાવેલ યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોય તેવા **અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી** દ્વારા પુરતી કાળજી રાખી ભારત સરકારની યોજના મુજબના તમામ માપદંડો મુજબ પાત્ર ઠરતા હોય તેવા વિદ્યાર્થીઓની ખાત્રી કરી ફ્રી શીપ કાર્ડ આપવાના રહેશે.

આ ફ્રી શીપ કાર્ડ રજુ થયેથી આવા વિદ્યાર્થીઓને રાજ્યનાં શિક્ષણ વિભાગ હેઠળની સ્વનિર્ભર સંસ્થાઓમાં જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ આપેલ બાંહેધરી / ફ્રી શીપ કાર્ડ અન્વયે વિદ્યાર્થીએ ભરવાપાત્ર થતી ફી વિદ્યાર્થીઓ પાસેથી મેળવ્યા સિવાય પ્રવેશ મળી શકશે.

સ્વનિર્ભર સંસ્થાઓએ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયા બાદ અનુસુચિત જાતિના જે વિદ્યાર્થીઓ ભારત સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અન્વયે ફ્રી શીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી ફ્રી શીપ કાર્ડ મેળવી રજુ કર્યેથી આવા વિદ્યાર્થીઓ પાસેથી ફીની વસુલાત કરેલ હોય તો જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીની બાંહેધરીને ધ્યાને લઈ તેટલી રકમ વિદ્યાર્થીને પરત કરવાની રહેશે.